KEY with Maths

પરીક્ષા પુસ્તિકાનો કોડ

M

BOARD : 2023

ગુજરાતી

પરીક્ષા પુસ્તિકા નંબર

706708

ASHISHSIR

જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી આ પુસ્તિકા ખોલવી નહીં.

આ પરીક્ષા પુસ્તિકાના પાછળના કવર પર આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચો.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ______________________

અનુક્રમ (સંખ્યા) : અંકોમાં : ______________________

: શબ્દોમાં : ______________________

પરીક્ષા કેન્દ્ર (મોટા અક્ષરોમાં) : ______________________

પરીક્ષાર્થીની સહી: ______________________ નિરિક્ષકની સહી: ______________________

પ્રશ્નોનાં અનુવાદમાં કોઈ અસ્પષ્ટતાની સ્થિતિમાં, અંગ્રેજી સંસ્કરણને જ અંતિમ માનવામાં આવશે.

:: સૂચનાઓ ::

1. આ પ્રશ્નપત્ર પુસ્તિકામાં ચાર વિભાગ છે. વિભાગ "A"માં ભાષાના 25 પ્રશ્નો છે, દરેકના 2 ગુણ છે. વિભાગ "B"માં ગણિતના 50 પ્રશ્નો છે, દરેકના 3 ગુણ છે. વિભાગ "C"માં સામાન્ય જ્ઞાન અને વિભાગ "D"માં બૌદ્ધિક સમજ પ્રત્યેકના 25 પ્રશ્નો છે, જે દરેક પ્રશ્નના 2 ગુણ છે. બધું મળીને આ પ્રશ્નપત્રમાં કુલ 300 ગુણ માટે 125 પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

2. પરીક્ષાનો સમયગાળો 2 કલાક અને 30 મિનિટ છે. (150 મિનિટ)

3. ઉમેદવારોએ નીચે આપેલા 13 ભાષાઓમાંથી અરજી વખતે જે ભાષા પસંદ કરી હશે, તે એક ભાષા પસંદ કરવાની છેઃ આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઓડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂ.

4. જેમણે વિકલ્પના રૂપમાં અંગ્રેજી અથવા હિન્દી પસંદ કરેલ છે તેના માટે પ્રશ્નપત્ર પુસ્તિકા દ્વિભાષી હશે (એટલે કે અંગ્રેજી અને હિન્દીમાં).

5. જેમણે નિર્દિષ્ટ પ્રાદેશિક ભાષાઓમાંથી કોઈ એક પસંદ કરેલ હશે, તેમના માટે અરજીપત્રકમાં દર્શાવેલ ભાષા અને અંગ્રેજીમાં, દ્વિભાષી પ્રશ્નપત્ર પુસ્તિકા હશે.

6. વિભાગ "A"માં દરેક ભાષાના પ્રશ્નો વિશિષ્ટ છે. તે અલગ-અલગ ભાષામાં અલગ-અલગ છે. તે અંગ્રેજીમાંથી ... તમારા અરજીપત્રકમાં અને પ્રવેશપત્રમાં દર્શાવેલ ભાષામાં ઉત્તર આપવાના છે. તમારા

KEY with Maths

ASHISHSIR

પરીક્ષા પુસ્તિકાનો કોડ

M

BOARD : 2023

ગુજરાતી

પરીક્ષા પુસ્તિકા નંબર

706708

જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યાં સુધી આ પુસ્તિકા ખોલવી નહીં.

આ પરીક્ષા પુસ્તિકાના પાછળના કવર પર આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચો.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

અનુક્રમ (સંખ્યા) : અંકોમાં : ____________________

: શબ્દોમાં : ____________________

પરીક્ષા કેન્દ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

પરીક્ષાર્થીની સહી: ____________________ નિરિક્ષકની સહી: ____________________

પ્રશ્નોનાં અનુવાદમાં કોઇ અસ્પષ્ટતાની સ્થિતિમાં, અંગ્રેજી સંસ્કરણને જ અંતિમ માનવામાં આવશે.

:: સૂચનાઓ ::

1. આ પ્રશ્નપત્ર પુસ્તિકામાં ચાર વિભાગ છે. વિભાગ ''A''માં ભાષાના 25 પ્રશ્નો છે, દરેકના 2 ગુણ છે. વિભાગ ''B''માં ગણિતના 50 પ્રશ્નો છે, દરેકના 3 ગુણ છે. વિભાગ ''C''માં સામાન્ય જ્ઞાન અને વિભાગ ''D''માં બૌદ્ધિક સમજ પ્રત્યેકના 25 પ્રશ્નો છે, જે દરેક પ્રશ્નના 2 ગુણ છે. બધું મળીને આ પ્રશ્નપત્રમાં કુલ 300 ગુણ માટે 125 પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

2. પરીક્ષાનો સમયગાળો 2 કલાક અને 30 મિનિટ છે. (150 મિનિટ)

3. ઉમેદવારોએ નીચે આપેલા 13 ભાષાઓમાંથી અરજી વખતે જે ભાષા પસંદ કરી હશે, તે એક ભાષા પસંદ કરવાની છે: આસામી, બંગાળી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઓડિયા, પંજાબી, તમિલ, તેલુગુ અને ઉર્દૂ.

4. જેમણે વિકલ્પના રૂપમાં અંગ્રેજી અથવા હિન્દી પસંદ કરેલ છે તેના માટે પ્રશ્નપત્ર પુસ્તિકા દ્વિભાષી હશે (એટલે કે અંગ્રેજી અને હિન્દીમાં).

5. જેમણે નિર્દિષ્ટ પ્રાદેશિક ભાષાઓમાંથી કોઇ એક પસંદ કરેલ હશે, તેમના માટે અરજીપત્રકમાં દર્શાવેલ ભાષા અને અંગ્રેજીમાં, દ્વિભાષી પ્રશ્નપત્ર પુસ્તિકા હશે.

6. વિભાગ ''A''માં દરેક ભાષાના પ્રશ્નો વિશિષ્ટ છે. તે અલગ-અલગ ભાષામાં અલગ-અલગ છે. તે અંગ્રેજીમાંથી અનુવાદિત નથી. તમારે તમારા અરજીપત્રકમાં અને પ્રવેશપત્રમાં દર્શાવેલ ભાષામાં ઉત્તર આપવાના છે. તમારા દ્વારા પસંદ થયેલ વિશિષ્ટ ભાષાની આન્સર-કીના સંદર્ભમાં મૂલ્યાંકન થશે. જો અન્ય ભાષામાં ઉત્તર આપશો તો તમને ગુણનું નુકસાન થઇ શકે છે.

KEY

વિભાગ–'A' : ભાષા

નીચેનો ફકરો વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો (પ્રશ્ન ક્રમાંક 001 થી 005)

આપણે ત્યાં સાપ વિશે ઘણી ગેરમાન્યતાઓ છે. સાપ દેખાય એટલે માણસો પહેલાં તેને મારે છે અને પછી તેને ઓળખવાની કોશિશ કરે છે. બધા સાપ ઝેરી હોતા નથી. નાગ, મણ્યાર, ઘોણસ, ફુરસં, ચટાપટાવાળો અથવા આગ્યા માણયાર એ ખરેખર ઝેરી સાપ. કૉબ્રા એટલે નાગ. ફેણ ચડાવનારો એકમાત્ર સાપ.ધામણ ઝેરી નથી હોતી,પણ એ ઝેરી હોય છે એવી આપણે ત્યાં ગેરમાન્યતા છે.તેની પર પગ પડવાથી એ કોઈને કરડી હોય,એ વ્યક્તિને એલર્જિક કારણોસર ઝીણી ફોલ્લીઓ થઈ હોય અને એ વાત જ બધે ફેલાઈ હોય એવું બની શકે.ધામણ પૂંછડેથી કરડે એવી એક ગેરમાન્યતા છે. સાપ ખુન્નસ રાખે ને વેર વાળે એ ગેરસમજ બહુ ફેલાયેલી છે. ખુન્નસ રાખવા જેટલી યાદશકિત સાપમાં હોતી નથી. એ ક્યારેય તમારો પીછો કરતા નથી. કોઈ પણ સાપ આપમેળે હુમલો કરતો હોતો નથી. એને તકલીફ પડે તો જ એ સ્વરક્ષણ માટે કરડે છે. આપણને કરડેલા સાપ ઝેરી છે કે બિનઝેરી, એ જાણી લેતા પહેલાં જ માણસ અધમૂઓ થઈ ગયેલો હોય છે.

દરેક સાપને ઓળખતાં આવડવો જોઈએ. આવું લાગવાનું બીજું કારણ એ કે હું નાનપણથી બહુ મોટી સંખ્યામાં સાપ મરાતા જોતા આવ્યો છું આનંદવન ઊભું કરતી વખતે પણ ગેરમાન્યતાઓને કારણે સાપ દેખાયો નથી કે માર્યો નથી એવી રીત અપનાવવામાં આવી હતી. એટલે હેમલકસા આવ્યા પછી શરૂઆતમાં જ મેં સાપ પકડવાની અને એ ઝેરી છે કે બિનઝેરી એ પારખવાની પદ્ધતિ શીખી લીધી હતી.

- પ્રકાશ આમટે ('પ્રકાશની પગદંડી'માંથી)

(01) ફેણ ચડાવતો એકમાત્ર સાપ કયો છે ?

(1) ધામણ (2) ઘોણસ (3) નાગ (4) મણ્યાર

(02) લેખકે કઈ પદ્ધતિ શીખી લીધી ?

(1) સાપને પાળવાની (2) સાપ પકડવાની અને પારખવાની

(3) સાપ સાથે રમવાની (4) સાપને મારવાની

(03) નીચેનામાંથી કયો એક સાપનો પ્રકાર નથી ?

(1) ઘોણસ (2) નાગ (3) ધામણ (4) ચપટો

(04) લેખક કયા સાપને ઝેરી સાપ ગણતા નથી ?

(1) નાગ (2) ઘોણસ (3) ધામણ (4) મણ્યાર

(05) સાપ વિશે કઈ ગેરમાન્યતા ખોટી છે ?

(1) બધા સાપ ઝેરી હોય છે. (2) બધા સાપ બિનઝેરી હોય છે.

(3) બધા સાપ હુમલા કરતા નથી. (4) સાપ કરડતા નથી.

(06) તે પુસ્તક વાંચવું જોઈએ. - આ વાક્યમાં નામ (સંજ્ઞા) જણાવો.

(1) તે (2) પુસ્તક (3) વાંચવું (4) જોઈએ

(07) તેની બહેન પણ સાથે ગઈ છે. આ વાક્યમાં સર્વનામ ઓળખો.

(1) તેની (2) બહેન (3) પણ (4) સાથે

(08) નયનાએ જાતે સરસ ભજીયાં બનાવ્યા - આ વાક્યમાં સર્વનામ શોધો.

(1) નયના (2) જાતે (3) સરસ (4) ભજીયાં

(09) પલક જાતે દડાથી રમે છે. - આ વાક્યમાં ક્રિયા દર્શાવો.

(1) પલક (2) જાતે (3) દડાથી (4) રમે છે

(10) નીચેનામાંથી કયું વિરોધી જોડકું સાચું છે ?

(1) ઉદય × અસ્ત (2) કીર્તિ × પ્રસિદ્ધિ (3) આશા × વિશ્વાસ (4) નૂતન × અદ્યતન

(11) નીચેનામાંથી કયું વિરોધી જોડકું ખોટું છે ?

(1) વિસર્જન × સર્જન (2) સુંવાળું × બરછટ (3) વેચવું × વહેંચવું (4) મજબૂત × તકલાદી

(12) નદી શાંત થઈને ખળખળ વહે છે. - આ વાક્યમાં નામ (સંજ્ઞા) જણાવો

(1) નદી (2) શાંત (3) ખળખળ (4) વહે છે

(13) અંતરિક્ષ - શબ્દનો સમાનાર્થી કયો એક શબ્દ નથી ?

(1) આભ (2) ગગન (3) અખિલ (4) અંબર

(14) નીચેની કઈ સમાનાર્થી શબ્દ જોડી અયોગ્ય છે તે શોધો.

(1) કાયા-છાયા (2) આવાસ-નિવાસ (3) અભરખો-અભિલાષા (4) અગ્નિ-હુતાશન

(15) ધરા - શબ્દ માટે કયા બે શબ્દો સાચા છે ?

(1) ગિરા , ભારતી (2) ધરતી , ધરિત્રી (3) વનિતા , મહિલા (4) વધૂ , ભાર્યા

(16) આપેલ શબ્દોના સાચો વિરુદ્ધાર્થી જણાવો. : વૃદ્ધિ X ....

(1) શુદ્ધિ (2) સમૃદ્ધિ (3) ક્ષય (4) વધારો

(17) નીચેનો કયો એક વિકલ્પ અયોગ્ય છે તે શોધો.

(1) દૂધ (2) દહીં (3) માખણ (4) તેલ

(18) નીચેના એક કયા વિકલ્પમાં સંબંધની સામ્યતા જુદી પડે છે ?

(1) ગીત-ગાયક (2) તાલીમ-તાલીમાર્થી (3) ખેલ-ખેલાડી (4) રમત-રંગીલો

(19) નીચેનામાંથી એક કયો વિકલ્પ બંધબેસતો નથી ?

(1) સુરત-એક શહેર (2) સૂરત-ચહેરો (3) શરત-કરાર (4) સરત-હોડ

(20) નિમેષથી સાંજે ભજન ગવાય છે. - આ વાક્યમાં ક્રિયા કઈ છે ?

(1) નિમેષ (2) ગવાય છે (3) ભજન (4) સાંજે

(21) સાહેબે અમને બહુ દોડાવ્યા. - આ વાક્યમાં ક્રિયાવિશેષણ કયું છે ?

(1) સાહેબ (2) અમને (3) બહુ (4) દોડાવ્યા

(22) રાજકુમારીએ ધીરેથી આંખ ખોલી. - આ વાક્યમાં ક્રિયાવિશેષણ જણાવો.

(1) રાજકુમારી (2) ધીરેથી (3) આંખ (4) ખોલી

(23) ચમકતાં કપડાં પહેરીને તે બહાર નીકળ્યો. - આ વાક્યમાં વિશેષણ કયું છે ?

(1) ચમકતાં (2) કપડાં (3) પહેરીને (4) નીકળ્યો

(24) નીચેના વિકલ્પોમાં કઈ એક જોડી બંધબેસતી નથી તે શોધો.

(1) શૂર-સૂર (2) ડાકોર-રણછોડરાય (3) કલમ-ખડીયો (4) પાણી-ગાગર

(25) નીચેના કયા એક વિકલ્પ અયોગ્ય છે તે શોધો.

(1) શાળા (2) શિક્ષક (3) વિદ્યાર્થી (4) પટાવાળો

વિભાગ–'B' : ગણિત

(26) યાદી-I ને યાદી - II સાથે સરખાવો.

યાદી–I	યાદી–II	નીચે આપેલા વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.
(A) સૌથી લાંબી જીવા	(I) ત્રિજ્યા	(1) (A) - (IV) , (B) - (I) , (C) - (II) , (D) - (III)
(B) બે ત્રિજ્યાઓ વચ્ચેની જગ્યા	(II) વ્યાસ	(2) (A) - (III) , (B) - (I) , (C) - (IV) , (D) - (II)
(C) વર્તુળનું અડધું	(III) વૃત્તાંશ	(3) (A) - (II) , (B) - (III) , (C) - (IV) , (D) - (I)
(D) વ્યાસનું અડધું	(IV) અર્ધ-વર્તુળ	(4) (A) - (I) , (B) - (II) , (C) - (III) , (D) - (IV)

(27) ત્રણ સમઘન જેમની દરેકની ધાર 4 cm છે તેમને એક લંબઘન બનાવવા માટે એકબીજા સાથે જોડવામાં આવે છે. નવા બનેલા લંબઘનનું ઘનફળ શોધો.

(1) 64 cm^3 (2) 0.064 cm^3 (3) 192 cm^3 (4) 12 cm^3

(28) લંબઘનના એક પાસાની પરિમિતિ 40 cm છે જો લંબઘનની લંબાઈ અને ઊંડાઈ 13 cm અને 8 cm હોય, લંબઘનનું ઘનફળ શોધો.

(1) 846 cm^3 (2) 625 cm^3 (3) 728 cm^3 (4) 746 cm^3

(29) નીચેનામાંથી કઈ ચાર ક્રમિક ભાજ્ય સંખ્યાઓ છે ?

(1) 22 , 23 , 24 , 25 (2) 60 , 61 , 62 , 65 (3) 56 , 57 , 58 , 59 (4) 90 , 91 , 92 , 93

(30) 70 અને 100 વચ્ચેની બે અવિભાજ્ય સંખ્યાની જોડી _____ છે. (જોડમૂળ સંખ્યા)

(1) 71 , 73 (2) 79 , 83 (3) 97 , 99 (4) 87 , 89

(31) બાજુમાં બતાવેલા ત્રિકોણનું બંને બાજુઓ અને ખૂણાઓના આધારે નામ આપો.



(1) સમદ્વિભૂજ અને લઘુ ત્રિકોણ (2) વિષમબાજુ અને કાટકોણ ત્રિકોણ

(3) ગુરુકોણ અને કાટકોણ ત્રિકોણ (4) સમબાજુ અને ગુરુકોણ ત્રિકોણ

(32) નીચે બે વિધાનો આપેલા છે : એક વિધાન નિવેદન A તરીકે અને બીજુ વિધાન કારણ R તરીકે છે.

નિવેદન A : કાટકોણ ત્રિકોણ એ સમબહુકોણ નથી.

કારણ R : સમબહુકોણની બધી બાજુઓ અને ખૂણાઓ સરખા હોય છે.

ઉપરના નિવેદનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

(1) A અને R બંને સાચા છે અને R એ A નું સાચું વિવરણ છે.

(2) A અને R બંને સાચા છે અને R એ A નું સાચું વિવરણ નથી.

(3) A એ સાચુ છે પરંતુ R એ ખોટું છે.

(4) A એ ખોટું છે પરંતુ R એ સાચું છે.

(33) $54 \div 0.009$ નું મૂલ્ય શોધો.

(1) 0.006 (2) 6.0 (3) 6000 (4) 48.6

(34) સંખ્યા 7860443 માં અંક 6 ના સ્થાનમૂલ્ય અને પ્રત્યક્ષ મૂલ્ય(ફેસ વેલ્યૂ) વચ્ચેનો ગુણાકાર _______

(1) 3652800000 (2) 3600000000 (3) 3626580000 (4) 360000000

(35) જુદા-જુદા ત્રણ અંકોનો ઉપયોગ કરીને પાંચ અંકની સૌથી નાની સંખ્યા શોધો.

(1) 10000 (2) 20000 (3) 00021 (4) 10002

(36) જો એક સંખ્યાને 8 અને 3 વડે ભાગી શકાતી હોય તો અન્ય કઈ સંખ્યાઓ વડે તેને હંમેશા ભાગી શકાશે ?

(1) 8 અને તેના બધા અવયવો (2) 3 ના અવયવો

(3) 24 ના અવયવો (4) 12 ના અવયવો

(37) જેમનો લ.સા.અ. 112 છે એવી બે સંખ્યાઓનો ગુણાકાર 4032 છે આ બે સંખ્યાઓનો ગુ.સા.અ. .... થશે.

(1) 1 (2) 12 (3) 9 (4) 36

(38) એક ડઝન હેડફોન્સનો ખર્ચ ₹ 78,564 છે સમર પાંચ હેડફોન્સ ખરીદવા ઈચ્છે છે. પાંચ હેડફોન્સ મેળવવા તેને કેટલી રકમ ચુકવવી પડે તે શોધો.

(1) ₹ 40,675 (2) ₹ 32,735 (3) ₹ 32,375 (4) ₹ 43,675

(39) ત્રિશા તેના વર્ગના 40 સહાધ્યાયીઓ માટે ફ્રૂટ જ્યુસ તૈયાર કરી રહી છે. તે દરેક સહાધ્યાયીને 250 ml જ્યુસ આપવા ઈચ્છે છે. જો દરેક ટેટ્રાપેકમાં 2.5 / જ્યુસ છે.તો તેને ઓછામાં ઓછા કેટલા ટેટ્રાપેકસની જરૂર પડશે ?

(1) 2.5 (2) 3 (3) 4 (4) 10

(40) બાજુમાં આપેલી પદાવલીના વ્યસ્તની ગણતરી કરો. $\frac{34}{15} \times \frac{45}{17}$

(1) $\frac{17}{38}$ (2) $\frac{15}{45}$ (3) $\frac{1}{6}$ (4) અસ્તિત્વમાં નથી.

(41) રાધીકાએ $8\frac{1}{4}$ kg ફળો ખરીદ્યા. તેણે $2\frac{5}{6}$ kg ફળોનો ઉપયોગ પુડિંગમાં કર્યો અને બાકીના ફળોને સલાડ માટે રાખ્યા. ફ્રૂટ સલાડ માટે કેટલા ફળો બાકી રહયાં ?

(1) $6\frac{2}{12}$ kg. (2) $5\frac{5}{12}$ kg. (3) $6\frac{1}{24}$ kg. (4) $5\frac{5}{24}$ kg.

(42) એક બળદગાડું 230 kg રેતી બાંધકામના સ્થળે લઈ જઈ રહ્યું છે. જો રસ્તામાં 4.65 kg રેતી ઢળી ગઈ હતી, તો બાંધકામના સ્થળે કેટલી રેતી પહોંચી હતી તે શોધો.

(1) 226.65 kg (2) 234.65 kg (3) 225.45 kg (4) 225.35 kg

(43) જો એક કારની ઝડપને 100 km/hr થી ઘટાડીને 50 km/hr કરવામાં આવે છે, તો સમાન અંતરને કાપવામાં લાગતા સમય ________

(1) સમાન રહેશે. (2) 50 મિનિટ ઘટી જશે (3) બેગણો થશે (4) 5 મિનિટ વધી જશે

(44) એક ટ્રેન 98 km/hr ની ઝડપે 1862 km અંતર કાપે છે. આ અંતર કાપવા માટે ટ્રેન દ્વારા લેવાયેલો સમય શોધો.

(1) 17 કલાક (2) 23 કલાક (3) 19 કલાક (4) 21 કલાક

(45) 4 – અંકોની સૌથી મોટી સંખ્યા અને 6 – અંકોની સૌથી નાની સંખ્યાનો સરવાળો શોધો, દરેકમાં 3 જુદા જુદા અંકો છે.

(1) 109999 (2) 109989 (3) 110020 (4) 1000989

(46) અંકો 3,0,5,8 અને 1 નો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી 5 – અંકોની લઘુતમ અને સૌથી મોટી સંખ્યા ના સરવાળામાંથી 28,576 બાદ કરો.

(1) 67,092 (2) 84,653 (3) 68,932 (4) 73,695

(47) સરલ કોણના ચતુર્થાંશનો કોટિપૂરક કોણ શું હશે ?

(A) લઘુકોણ (B) કાટકોણ (C) ગુરુકોણ (D) અર્ધ કાટકોણ

(1) ફક્ત (B) (2) ફક્ત (C) (3) (A) અને (B) બંને (4) (A) અને (D) બંને

(48) એક ખૂણો અર્ધ કાટખૂણાના ત્રણગણા જેટલો છે. તેનો પૂરક કોણ શોધો.

(1) 90° (2) 135° (3) 145° (4) 45°

(49) આપેલ અપૂર્ણાંકોને ન્યુનતમથી મહત્તમ સુધી ગોઠવીએ તો, કયો અપૂર્ણાંક છેલ્લેથી બીજા ક્રમે હશે ?

$\frac{3}{5}, \frac{1}{3}, \frac{5}{6}, \frac{7}{15}$

(1) $\frac{1}{3}$ (2) $\frac{5}{6}$ (3) $\frac{7}{15}$ (4) $\frac{3}{5}$

(50) નીચેના અપૂર્ણાંકોને ચઢતા ક્રમમાં ગોઠવો.

$\frac{2}{3}, \frac{5}{6}, \frac{7}{8}, \frac{9}{14}$

(1) $\frac{7}{8}, \frac{5}{6}, \frac{2}{3}, \frac{9}{14}$ (2) $\frac{7}{8}, \frac{2}{3}, \frac{5}{6}, \frac{9}{14}$ (3) $\frac{9}{14}, \frac{2}{3}, \frac{5}{6}, \frac{7}{8}$ (4) $\frac{9}{14}, \frac{7}{8}, \frac{2}{3}, \frac{5}{6}$

(51) બાજુનું કોષ્ટક દુકાનમાં રહેલી કેટલીક વસ્તુઓની કિંમત બતાવે છે : ખાંડ અને ચોખાની સંયુકત કિંમતનો કોફી અને ઘઉંની સંયુકત કિંમત સાથેનો ગુણોત્તર કહેવો છે ?

વસ્તુ	કિંમત પ્રતિ કિ.ગ્રા
ખાંડ	₹ 72
ચોખા	₹ 108
કોફી	₹ 237
ઘઉં	₹ 63

(1) 9 : 14 (2) 2 : 3

(3) 4 : 5 (4) 3 : 5

(52) 2 : 3 નો ગુણોત્તર મેળવવા 7 : 13 ના ગુણોત્તરના દરેક પદમાં નાનામાં નાનો કયો અંક ઉમેરવો જોઈએ ?

(1) 1 (2) 3 (3) 5 (4) 7

(53) એક ઘડિયાળ ₹ 1,275 માં વેંચવાથી જાવેદને 15 % ખોટ થઈ. તેણે ઘડિયાળને કઈ કિંમતે વેચવી જોઈએ કે જેથી 10 % નફો મળે ?

(1) ₹ 1,500 (2) ₹ 1,600 (3) ₹ 1,650 (4) ₹ 1,700

(54) સીમા અને રવિએ એક ધંધામાં 2 : 3 ના ગુણોત્તરમાં ₹ 1,50,000 રોકયા હતા. વર્ષના અંતે તેમણે રોકેલી રકમ પર 150 % નફો કર્યો. જો તેમણે નફાના નાણાં એ જ ગુણોત્તરમાં વહેંચ્યા હોય, તો સીમાનો હિસ્સો કેટલો હશે ?

(1) ₹ 1,50,000 (2) ₹ 20,000 (3) ₹ 1,35,000 (4) ₹ 90,000

(55) નીચેનામાંથી કયું વિધાન સાચું છે.

(1) $(21-15) - 6 = 21 - (15-6)$ (2) $14 \times 36 \div 6 - 10 = 84$

(3) $93 \times 63 - 93 \times 37 = 9300$ (4) $25 + 49 \div 7 \times 5 - 6 = 54$

(56) $9 + [\,6 + 7 \text{ of } 3 - (9 + 2 - 6 \div 2)]$

(1) 25 (2) 26 (3) 27 (4) 28

(57) 13 , 14 , 19 , a , 17 ની સરેરાશ 22 છે a નું મૂલ્ય શોધો.

(1) 37 (2) 47 (3) 57 (4) 67

(58) બાજુના કોષ્ટકોમાં એક બેટ્સમેને 4 મેચમાં કરેલા રનમાં આંકડા છે. બેટ્સમેન દ્વારા કરવામાં આવેલા રનની સરેરાશ શોધો.

મેચ :-	I	II	III	IV
બનાવેલા રન :-	35	0	6	98

(1) 139 (2) 140 (3) 46.66 (4) 34.75

(59) 4 દિવસના કેટલા ટકા 6 કલાક થાય ?

(1) $5\frac{1}{4}\%$ (2) $3\frac{1}{4}\%$ (3) $6\frac{1}{4}\%$ (4) $4\frac{1}{4}\%$

(60) એક બેટ્સમેને 10 બાઉન્ડ્રી અને 6 સિક્સ ફટકારીને 190 રન બનાવ્યા. વિકેટ્સની વચ્ચે દોડીને તેણે જેટલા રન બનાવ્યા તે કુલ સ્કોરના કેટલા ટકા છે ?

(1) 50 % (2) 60 % (3) 70 % (4) 75 %

(61) રિયા એક કાગળને કાપવાની પ્રવૃતિ કરે છે. આ આકૃતિમાં બતાવ્યા મુજબ તેણે એક લંબચોરસ કાગળના ખૂણાઓને એકસરખા ચોરસ આકારમાં કાપ્યાં. બાકી રહેલા કાગળનું ક્ષેત્રફળ અને પરિમિતિ શોધો.



(1) 416 sq. cm 88 cm (2) 316 sq. m 80 cm

(3) 480 sq. m 88 cm (4) 480 sq. m 80 cm

(62) આપેલ આકૃતિમાં ઘેરા કરેલો નથી એવા બાકીના ભાગનું ક્ષેત્રફળ શોધો.



(1) 6.75 cm^2 (2) 28.8 cm^2

(3) 24.55 cm^2 (4) 22.05 cm^2

(63) એક ખેડૂતે એક બેન્કમાંથી વાર્ષિક 5 % ના વ્યાજ દરે ₹ 10,000 ની રકમ ઉછીની લીધી હતી. તે 3 વર્ષમાં કેટલું વ્યાજ બેન્કને ચુકવશે ?

(1) ₹ 30,000 (2) ₹ 1,500 (3) ₹ 500 (4) ₹ 11,500

(64) રિજુલે એક વ્યક્તિ પાસેથી વાર્ષિક 8 % ના દરે 3 વર્ષ માટે ₹ 50,000 લીધા હતા. રિજુલે 3 વર્ષ પછી તે વ્યક્તિને કેટલી રકમ ચૂકવી તે શોધો.

(1) ₹ 52,000 (2) ₹ 62,000 (3) ₹ 51,200 (4) ₹ 48,000

(65) એક કાટખૂણાના બે તૃતિયાંશના કોટિપૂરક કોણનો પૂરક કોણ શોધો.

(1) 120° (2) 150° (3) 30° (4) 60°

(66) આપેલ આકૃતિમાં x નું માપ ________ છે.



(1) 124° (2) 43°

(3) 77° (4) 56°

(67) એક માણસના શરીરનું સામાન્ય તાપમાન 37 °C છે. તેને ડિગ્રી ફેરનહીટમાં ફેરવો.

(1) 98° F (2) 97° F (3) 95° F (4) 98.5 ° F

(68) - 50° C અને 72 ° C વચ્ચેનો તફાવત ...... છે.

(1) 122° C (2) 42° C (3) + 32° C (4) + 102° C

(69) 18 kg 5g ને kg માં દર્શાવો.

(1) 18.5 kg (2) 18.500 kg (3) 18.05 kg (4) 18.005 kg

(70) તમે જ્યારે કિલોમીટરને મિલિમીટરમાં ફેરવો છો ત્યારે 1 km માં કેટલા શૂન્ય આવે તે શોધો.

(1) 5 (2) 6 (3) 7 (4) 8

(71) સંખ્યા 99 માટે નીચેનામાંથી સાચી રજૂઆત કઈ છે ?

(1) IC (2) XCVIIII (3) XCIX (4) L + XXXXIX

(72) મૂલ્ય શોધો : MXLII + CXCIV - LXIII

(1) MCLXXIII (2) MCCCCXXIX (3) MCCLXXIII (4) MCXLIIV

(73) એ ખૂણાનો પ્રકાર જણાવો કે જેનું માપ 136 °અને 77 ° ના તફાવત કરતાં 29° વધુ છે.

(1) લઘુકોણ (2) ગુરૂકોણ (3) કાટકોણ (4) વિપરીત કોણ

(74) આપેલી આકૃતિમાં કયો ખૂણો બે (2) કાટખૂણાઓ કરતાં મોટો છે ?



(1) ફક્ત ∠ a (2) ∠ a અને ∠ d બંને

(3) ફક્ત ∠ c (4) ફક્ત ∠ a, ∠ b અને ∠ d

(75) આપેલ વિધાનો વાંચો અને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

વિધાન A : વર્તુળની બધી જીવાઓ વ્યાસ છે.

વિધાન B : વ્યાસ એ વર્તુળથી સૌથી લાંબી જીવા છે.

(1) ફક્ત વિધાન A સાચું છે. (2) ફક્ત વિધાન B સાચું છે.

(3) બંને વિધાનો સાચા છે. (4) બંને વિધાનો ખોટાં છે.

વિભાગ–'C' : સામાન્ય જ્ઞાન

(76) બાંગ્લાદેશની રચના ક્યારે થઈ હતી ?

(1) 1971 માં (2) 1905 માં (3) 1970 માં (4) 1947 માં

(77) સાચો વિકલ્પ પસંદ કરો. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ની સ્થાપના .... માં થઈ હતી.

(1) 1944 (2) 1945 (3) 1946 (4) 1947

(78) નીચેનામાંથી મગજને લગતા રોગને ઓળખો.

(1) મેનિન્જાઈટિસ (2) માઈગ્રેન (3) કમળો (4) ડાયાબીટીસ

(79) સાચો વિકલ્પ પસંદ કરો.

ગાયના છાણનો ઉપયોગ ખાતર તરીકે થાય છે, કારણ કે તેમાં વિપુલ પ્રમાણમાં .... હોય છે.

(1) નાઈટ્રોજન (2) શુગર (3) મર્ક્યુરી (પારો) (4) કેલ્શિયમ

(80) દિલ્હી એશિયન ગેમ્સ 1982 ના શુભંકર (mascot) ઉપર કયા પ્રાણીને નિરૂપિત કરવામાં આવેલ છે ?

(1) હાથી (2) સિંહ (3) પાન્ડા (4) વાઘ

(81) નીચેનામાંથી કયા વિટામિનની ઊણપના કારણે સુકતાન (રિકેટ્સ) નો રોગ થાય છે ?

(1) વિટામીન-A (2) વિટામીન-D (3) વિટામીન-C (4) વિટામીન-B_{12}

(82) સ્વતંત્ર ભારતના પ્રથમ ગર્વનર જનરલ કોણ હતા ?

(1) રાજગોપાલાચારી (2) મહાત્મા ગાંધી (3) લોર્ડ માઉન્ટ બેટન (4) જવાહરલાલ નહેરુ

(83) આ ભારતીય ન્યુકલીયર ભૌતિક વૈજ્ઞાનિકને ઓળખો, જે ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં સ્થાપક નિયામક અને ભૌતિકવિજ્ઞાનના પ્રોફેસર હતા.

(1) હોમી જે. ભાભા (2) રામાનુજન (3) વિક્રમ સારાભાઈ (4) આર્યભટ

(84) એવી રમત કે જેમાં લોકો નાના પૈંડાવાળા બોર્ડનો ઉપયોગ કરે છે તે :

(1) પેરા મોટરિંગ (2) સ્કાય ડાઈવિંગ (3) સ્કેટિંગ (4) સ્કેટ બોર્ડિંગ

(85) આ એવોર્ડ કમળના આભૂષણ તરીકે પણ જાણીતો છે અને તે ભારતનો બીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે.

(1) અર્જૂન એવોર્ડ (2) પદ્મ વિભૂષણ (3) ભારત રત્ન (4) અશોક ચક્ર

(86) .... એ 2007 માં પદ્મ વિભૂષણ જીતનાર પ્રથમ રમતવીર છે.

(1) વિશ્વનાથન આનંદ (2) સુનીલ ગાવસ્કર (3) કપિલ દેવ (4) સચિન તેંડુલકર

(87) ખાલી જગ્યા પૂરવા સાચો વિકલ્પ પસંદ કરો. હરોળમાં ગોઠવાયેલા પર્વતો ...... તરીકે ઓળખાય છે.

(1) પર્વતમાળા (રેન્જ) (2) વલિત પર્વત (3) શિખર (4) અધિપત્યકા પર્વત

(88) સાચો વિકલ્પ પસંદ કરો. પાણી સાર્વત્રિક દ્રાવક તરીકે ઓળખાય છે, કારણ કે :

(1) તેના ઘણા ઉપયોગો છે.

(2) તે તમામ પ્રકારની ધૂળ દૂર કરી શકે છે.

(3) તે એવું માધ્યમ છે કે જેમાં શરીરની બધી ઉપાપચયની પ્રક્રિયા થાય છે.

(4) તે ઘણા પદાર્થોને ઓગાળી શકે છે.

(89) એ પ્રાણી કે જે રણમાં પાણી વિના લાંબો સમય ટકી શકે છે તેનું નામ જણાવો.

(1) ઘોડો (2) ગાય (3) ભેંસ (4) ઊંટ

(90) એવી એકમાત્ર જાતિ કે જ્યા નર બચ્ચાને જન્મ આપે છે.

(1) ડોલ્ફિન (2) વ્હેલ (3) સમુદ્રી ઘોડો (4) કાચબો

(91) સિંગ્લિસ છમ નૃત્ય કયા રાજ્ય સાથે સંકળાયેલું છે ?

(1) આસામ (2) મણિપુર (3) સિક્કિમ (4) કેરળ

(92) વાહનની ઝડપ માપવા માટે વપરાતું સાધન કયું છે ?

(1) સ્પીડોમીટર (2) ફોટોમીટર (3) ઓડોમીટર (4) ટેકોમીટર

(93) સાચો વિકલ્પ પસંદ કરો : .... એ શરીરનો સૌથી ઝડપથી સાજો થતો ભાગ છે.

(1) જીભ (2) યકૃત (3) મોટું આંતરડું (4) ચામડી

(94) અયોધ્યા કઈ નદીના કિનારે આવેલું છે ?

(1) ગંગા (2) સરયૂ (3) ગોદાવરી (4) યમુના

(95) સાચો વિકલ્પ પસંદ કરો.

સંજનાએ જોયું કે બીજમાંથી અંકુર ફૂટે છે અને બીજાંકુર નાના છોડમાં ફેરવાય છે ત્યારે બીજના પર્ણોનું કદ ધીમેધીમે નાનું થાય છે કે. તેનું કારણ એ છે કે :

(1) બીજના પર્ણો બીજના આવરણમાં પાછા શોષાઈ જાય છે.

(2) સૂર્યપ્રકાશથી બીજના પર્ણો સૂકાય છે.

(3) બીજના પર્ણોમાં રહેલા ખોરાકનો વૃદ્ધિ પામી રહેલા છોડ દ્વારા ઉપયોગ થાય છે.

(4) આમાંથી કોઈ નહિ.

(96) ભારતના વડાપ્રધાનની નીમણુક કોણ કરે છે ?

(1) ભારતના રાષ્ટ્રપતિ (2) મુખ્ય ચૂંટણી કમિશનર

(3) ભારતના મુખ્ય ન્યાયાધીશ (4) સંરક્ષણ દળોના વડા

(97) કોલકતા .... નદીના કિનારે આવેલું છે.

(1) ગંગા (2) દામોદર (3) હૂગલી (4) પદ્મા

(98) સાચો વિકલ્પ પસંદ કરો.

આ મહેલ ગ્વાલિયરમાં આવેલો છે અને તેને ગ્વાલિયરના મહારાજા જયાજીરાવ સિંધિયાએ બાંધ્યો હતો. તેનું સ્થાપત્ય ઈટાલિયન અને ટસ્કન શૈલીનું છે અને તે સંગ્રહાલય નથી.

(1) હવા મહલ મહેલ (2) ઉમૈદ ભવન પેલેસ (3) લેક પેલેસ (4) જય વિલાસ પેલેસ

(99) રામાયણમાં,ભગવાન શ્રી રામ સીતાને કયા સ્થળે પરણ્યા હતા ?

(1) અયોધ્યા (2) પંચવટી (3) ચિત્રકૂટ (4) જનકપુર

(100) સાચો વિકલ્પ પસંદ કરો. ખોરાક સંગ્રહ .... ના મૂળમાં થાય છે.

(1) બટાટા (2) શક્કરિયાં (3) ડુંગળી (4) આદુ

વિભાગ–'D' : બૌદ્ધિક સમજ

(101) ખાલી જગ્યામાં ખૂટતું પદ મૂકો. 400 , 388 , 376 , 364 , ____?____

(1) 352 (2) 350 (3) 354 (4) 372

(102) ખાલી જગ્યાંમાં ખૂટતું પદ મૂકો. 3 , 7 , 16 , 35 , 74 , ____?____

(1) 153 (2) 160 (3) 173 (4) 151

(103) ખાલી જગ્યા પૂરો. ADDG , EHHK , ILLO , MPPS , ________

(1) PRRT (2) QUUX (3) QTTW (4) PSSV

(104) આપેલ જાળી (ગ્રિડ) ને પૂર્ણ કરે એવી સાચી આકૃતિ પસંદ કરો -



(1) (2)

(3) (4)

(105) ખાલી જગ્યામાં અનુરૂપ શબ્દ આપો : પુસ્તક : લેખક :: વાનગી : ....

(1) સંગીતકાર (2) રસોઈયો (3) ચિત્રકાર (4) કલાકાર

(106) ખાલી જગ્યામાં અનુરૂપ શબ્દ આપો :- પૂર : દુષ્કાળ :: પ્રતિભાશાળી:............

(1) વિચાર (2) બુદ્ધિ (3) મગજ (4) મૂર્ખ

(107) પ્રથમ જોડીમાં રહેલા સંબંધને ઓળખો અને તે અનુસાર બીજી જોડીમાં ખૂટતું પદ શોધો.

ADE : FGJ :: KNO : ....

(1) PQR (2) PQT (3) RQP (4) TPR

(108) ખાલી જગ્યામાં અનુરૂપ શબ્દ આપો : કફ : ગળું :: દમ : ....

(1) મૂત્રપિંડ (2) ફેફસાં (3) મસ્તક (4) યકૃત

(109) આકૃતિઓ A અને B ચોકકસ રીતે સંબંધિત છે. વિકલ્પોમાંથી એવી આકૃતિ પસંદ કરો જે પ્રશ્ન ચિહ્નના સ્થાને આવે અને તેના પરથી આકૃતિઓ C અને D વચ્ચેનો એવો સંબંધ સ્થાપતિ કરો.



(1) (2) (3)  (4)

(110) ભાત (પેટર્ન) ને પૂરી કરો :  :  ::  : ___?___

(1) (2)  (3) (4) 

(111) નીચેનામાંથી કયો આકાર આપેલ આકૃતિનો એક ભાગ બને છે ?



(1)  (2)  (3)  (4)

(112) પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને કયો અંક આવશે ?



(1) 8 (2) 3

(3) 4 (4) 6

(113) નીચેનાને નીચેથી ઉપર તરફ તાર્કિક રીતે ગોઠવો.

(A) ઘૂંટણ (ગોઠણ) (B) અંગૂઠો (C) પગની પિંડીઓ (D) એડી (E) ઘૂંટી

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) (D),(E),(C),(B),(A) (2) (B),(D),(E),(C),(A)

(3) (D),(A),(B),(C),(E) (4) (B),(C),(E),(D),(A)

(114) શબ્દકોશ (ડિક્ષનરી) માં આવે તે રીતે આપેલા શબ્દોને ગોઠવો.

(A) PRISTINE (B) PRINTER (C) PREVIOUS (D) PREVENT (E) PRIORITY

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) (B),(A),(C),(D),(E) (2) (C),(D),(A),(E),(B)

(3) (D),(C),(B),(E),(A) (4) (A),(E),(B),(C),(D)

(115) નીચેનાને તાર્કિક ક્રમમાં ગોઠવો.

(A) વરસાદ (B) શીતન (કૂલિંગ) (C) ઘનીકરણ (ઠારણ) (D) તાપન (E) બાષ્પીભવન

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) (B),(A),(C),(D),(E) (2) (E),(D),(A),(B),(C)

(3) (B),(C),(A),(D),(E) (4) (D),(E),(B),(C),(A)

(116) નીચેનામાંથી કયું 5374 નું જળ પ્રતિબિંબ છે ?

(1)  (2)  (3)  (4)

(117) ખાલી જગ્યામાં અનુરૂપ પદ મૂકો : B : 4 :: G : ___?___

(1) 36 (2) 17 (3) 18 (4) 49

(118) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે શોધો.

(1) નારંગી (2) પૃથ્વી (3) ઈંડુ (4) બાસ્કેટબૉલ

(119) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતી સંખ્યા શોધો.

(1) 97 (2) 47 (3) 81 (4) 19

(120) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે પસંદ કરો.

(1) પુસ્તક (2) પેન્સિલ (3) ઈરેઝર (4) કમ્પ્યુટર

(121) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે શોધો. -

(1)  (2)  (3)  (4) 

(122) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે શોધો. -

(1) કાનપુર (2) વિજયવાડા (3) ગંગા (4) ગુવાહાટી

(123) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે પસંદ કરો.-

(1) ગિટાર (2) વાયોલિન (3) સિતાર (4) વાંસળી

(124) ખાલી જગ્યામાં અનુરૂપ પદ મૂકો.

DGA : 12 :: AMQ : ___?___

(1) 19 (2) 31 (3) 28 (4) 17

(125) ખૂટતી સંખ્યા શોધો.

5 : 22 :: 8 : ___?___

(1) 61 (2) 37 (3) 80 (4) 50

Ashishsir

BALACHADI 2023 KEY વિભાગ–'B' : ગણિત

(26) યાદી-I ને યાદી - II સાથે સરખાવો.

યાદી–I	યાદી–II	નીચે આપેલા વિકલ્પમાંથી સાચો જવાબ પસંદ કરો.
(A) સૌથી લાંબી જીવા	(I) ત્રિજ્યા	(1) (A) - (IV) , (B) - (I) , (C) - (II) , (D) - (III)
(B) બે ત્રિજ્યાઓ વચ્ચેની જગ્યા	(II) વ્યાસ	(2) (A) - (III) , (B) - (I) , (C) - (IV) , (D) - (II)
(C) વર્તુળનું અડધું	(III) વૃત્તાંશ	✓(3) (A) - (II) , (B) - (III) , (C) - (IV) , (D) - (I)
(D) વ્યાસનું અડધું	(IV) અર્ધ-વર્તુળ	(4) (A) - (I) , (B) - (II) , (C) - (III) , (D) - (IV)

(A) - (II) વ્યાસ

(B) - (III) વૃત્તાંશ

(C) - (IV) અર્ધવર્તુળ

(D) - (I) ત્રિજ્યા

(27) ત્રણ સમઘન જેમની દરેકની ધાર 4 cm છે તેમને એક લંબઘન બનાવવા માટે એકબીજા સાથે જોડવામાં આવે છે. નવા બનેલા લંબઘનનું ઘનફળ શોધો.

(1) 64 cm^3 (2) 0.064 cm^3 ✓(3) 192 cm^3 (4) 12 cm^3



l = 12 સેમી

b = 4 સેમી

h = 4 સેમી

(સપાટીની)

લંબઘનનું ઘનફળ

$= l \times b \times h$

= 12 સેમી × 4 સેમી × 4 સેમી

= 192 $સેમી^3$

(28) લંબઘનના એક પાસાની પરિમિતિ 40 cm છે જો લંબઘનની લંબાઈ અને ઊંડાઈ 13 cm અને 8 cm હોય, લંબઘનનું ઘનફળ શોધો.

(1) 846 cm^3 (2) 625 cm^3 ✓(3) 728 cm^3 (4) 746 cm^3



$\frac{40 cm}{2}$ = 20 cm

∴ b = 20 cm − 13 cm

= 7 cm

લંબઘનનું ઘનફળ

$= l \times b \times h$

= 13cm × 7cm × 8cm

= 728 cm^3

(29) નીચેનામાંથી કઇ ચાર ક્રમિક ભાજ્ય સંખ્યાઓ છે ?

(1) 22 , 23 , 24 , 25 (2) 60 , 61 , 62 , 65 (3) 56 , 57 , 58 , 59 (4) 90 , 91 , 92 , 93

NO NO NO

90, 91, 92, 93

(30) 70 અને 100 વચ્ચેની બે અવિભાજ્ય સંખ્યાની જોડી _____ છે. (જોડમૂળ સંખ્યા)

(1) 71 , 73 (2) 79 , 83 (3) 97 , 99 (4) 87 , 89

71, 73

(31) બાજુમાં બતાવેલા ત્રિકોણનું બંને બાજુઓ અને ખૂણાઓના આધારે નામ આપો.



(1) સમદ્વિભૂજ અને લઘુ ત્રિકોણ (2) વિષમબાજુ અને કાટકોણ ત્રિકોણ

(3) ગુરુકોણ અને કાટકોણ ત્રિકોણ (4) સમબાજુ અને ગુરુકોણ ત્રિકોણ

વિષમબાજુ અને કાટકોણ ત્રિકોણ

(32) નીચે બે વિધાનો આપેલા છે : એક વિધાન નિવેદન A તરીકે અને બીજુ વિધાન કારણ R તરીકે છે.

નિવેદન A : કાટકોણ ત્રિકોણ એ સમબહુકોણ નથી.

કારણ R : સમબહુકોણની બધી બાજુઓ અને ખૂણાઓ સરખા હોય છે.

ઉપરના નિવેદનોના સંદર્ભમાં, નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

(1) A અને R બંને સાચા છે અને R એ A નું સાચું વિવરણ છે.

(2) A અને R બંને સાચા છે અને R એ A નું સાચું વિવરણ નથી.

(3) A એ સાચુ છે પરંતુ R એ ખોટું છે.

(4) A એ ખોટું છે પરંતુ R એ સાચું છે.

A અને R સાચા છે.

R એ A નું સાચુ વિવરણ છે.

(33) 54 ÷ 0.009 નું મૂલ્ય શોધો.

(1) 0.006 (2) 6.0 (3) 6000 (4) 48.6

$= \frac{54}{1} \div \frac{9}{1000}$

$= \frac{54}{1} \times \frac{1000}{9}$

$= 6000$

(34) સંખ્યા 7860443 માં અંક 6 ના સ્થાનમૂલ્ય અને પ્રત્યક્ષ મૂલ્ય(ફેસ વેલ્યૂ) વચ્ચેનો ગુણાકાર ______

(1) 3652800000 (2) 3600000000 (3) 3626580000 (4) 360000000

60000 × 6 = 360000

(GRACE)

(35) જુદા-જુદા ત્રણ અંકોનો ઉપયોગ કરીને પાંચ અંકની સૌથી નાની સંખ્યા શોધો.

(1) 10000 (2) 20000 (3) 00021 (4) 10002

0, 1, 2

સૌથી નાની સંખ્યા = 10002

(36) જો એક સંખ્યાને 8 અને 3 વડે ભાગી શકાતી હોય તો અન્ય કઈ સંખ્યાઓ વડે તેને હંમેશા ભાગી શકાશે ?

(1) 8 અને તેના બધા અવયવો

(2) 3 ના અવયવો

(3) 24 ના અવયવો

(4) 12 ના અવયવો

24, 48 ....

24 ના અવયવો

(37) જેમનો લ.સા.અ. 112 છે એવી બે સંખ્યાઓનો ગુણાકાર 4032 છે આ બે સંખ્યાઓનો ગુ.સા.અ. .... થશે.

(1) 1

(2) 12

(3) 9

(4) 36

લસાઅ × ગુસાઅ = બે સંખ્યાનો ગુણાકાર

∴ 112 × ગુસાઅ = 4032

∴ ગુ.સા.અ. = $\frac{4032}{112}$ 1008 144 36 28 4 1

∴ ગુ.સા.અ = 36

(38) એક ડઝન હેડફોન્સનો ખર્ચ ₹ 78,564 છે સમર પાંચ હેડફોન્સ ખરીદવા ઈચ્છે છે. પાંચ હેડફોન્સ મેળવવા તેને કેટલી રકમ ચુકવવી પડે તે શોધો.

(1) ₹ 40,675

(2) ₹ 32,735

(3) ₹ 32,375

(4) ₹ 43,675

12 હેડફોનનો ખર્ચ = 78564 રૂ.

∴ 5 હેડફોનનો ખર્ચ = ?

= $\frac{5 \times 78564}{12}$ 6547 1

= 32735 રૂ.

(39) ત્રિશા તેના વર્ગના 40 સહાધ્યાયીઓ માટે ફ્રૂટ જ્યુસ તૈયાર કરી રહી છે. તે દરેક સહાધ્યાયીને 250 ml જ્યુસ આપવા ઈચ્છે છે. જો દરેક ટેટ્રાપેકમાં 2.5 *l* જ્યુસ છે.તો તેને ઓછામાં ઓછા કેટલા ટેટ્રાપેકસની જરૂર પડશે ?

(1) 2.5 (2) 3 (3) 4 (4) 10

40 સહાધ્યાયીને જોઈતુ જ્યુસ = 40 × 250 ml

= 10000 ml

$= \frac{10000}{1000}$ L

= 10 L

∵ 2.5 L જ્યુસ = 1 ટ્રેટ્રાપેક

∴ 10 L જ્યુસ = ?

$= \frac{10 \times 1 \times 10}{25} = 4$ ટ્રેટ્રાપેક

(40) બાજુમાં આપેલી પદાવલીના વ્યસ્તની ગણતરી કરો. $\frac{34}{15} \times \frac{45}{17}$

(1) $\frac{17}{38}$ (2) $\frac{15}{45}$ (3) $\frac{1}{6}$ (4) અસ્તિત્વમાં નથી.

$\frac{34}{15} \times \frac{45}{17}$

$= \frac{6}{1}$

∴ $\frac{6}{1}$ નું વ્યસ્ત $= \frac{1}{6}$

(41) રાધીકાએ $8\frac{1}{4}$ kg ફળો ખરીદ્યા. તેણે $2\frac{5}{6}$ kg ફળોનો ઉપયોગ પુડિંગમાં કર્યો અને બાકીના ફળોને સલાડ માટે રાખ્યા. ફ્રૂટ સલાડ માટે કેટલા ફળો બાકી રહયાં ?

(1) $6\frac{2}{12}$ kg. (2) $5\frac{5}{12}$ kg. (3) $6\frac{1}{24}$ kg. (4) $5\frac{5}{24}$ kg.

બાકી ફળ

$= 8\frac{1}{4} - 2\frac{5}{6}$

$= \frac{33}{4} - \frac{17}{6}$

$= \frac{33 \times 3}{4 \times 3} - \frac{17 \times 2}{6 \times 2}$

$= \frac{99}{12} - \frac{34}{12}$

$= \frac{65}{12}$

$= 5\frac{5}{12}$ kg

(42) એક બળદગાડું 230 kg રેતી બાંધકામના સ્થળે લઈ જઈ રહ્યું છે. જો રસ્તામાં 4.65 kg રેતી ઢળી ગઈ હતી, તો બાંધકામના સ્થળે કેટલી રેતી પહોંચી હતી તે શોધો.

(1) 226.65 kg (2) 234.65 kg (3) 225.45 kg (4) 225.35 kg

$$\begin{array}{r} 230.00 \text{ kg} \\ -\ 004.65 \text{ kg} \\ \hline 225.35 \text{ kg} \end{array}$$

(43) જો એક કારની ઝડપને 100 km/hr થી ઘટાડીને 50 km/hr કરવામાં આવે છે, તો સમાન અંતરને કાપવામાં લાગતો સમય _______

(1) સમાન રહેશે. (2) 50 મિનિટ ઘટી જશે (3) બેગણો થશે (4) 5 મિનિટ વધી જશે

→ ઝડપ અડધી કરતા સમય બમણો થશે.

OR

અંતર = 100 Km (ધારો)

સમય = $\frac{\text{અંતર}}{\text{ઝડપ}} = \frac{100 \text{ Km} \times h}{100 \text{ Km}} = 1h$

સમય = $\frac{\text{અંતર}}{\text{ઝડપ}} = \frac{100 \text{ Km} \times h}{50 \text{ Km}} = 2h$

બમણો સમય

(44) એક ટ્રેન 98 km/hr ની ઝડપે 1862 km અંતર કાપે છે. આ અંતર કાપવા માટે ટ્રેન દ્વારા લેવાયેલો સમય શોધો.

(1) 17 કલાક (2) 23 કલાક (3) 19 કલાક (4) 21 કલાક

સમય = $\frac{\text{અંતર}}{\text{ઝડપ}}$

$= \frac{1862 \text{ Km}}{98 \text{ Km}} \times h$

= 19 hour

(45) 4 – અંકોની સૌથી મોટી સંખ્યા અને 6 – અંકોની સૌથી નાની સંખ્યાનો સરવાળો શોધો, દરેકમાં 3 જુદા જુદા અંકો છે.

(1) 109999 ✓ (2) 109989 (3) 110020 (4) 1000989

6 અંકની સૌથી નાની સંખ્યા = 100002
4 અંકની સૌથી મોટી સંખ્યા = + 9987

∴ સરવાળો = 109989

(46) અંકો 3,0,5,8 અને 1 નો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી 5 – અંકોની લઘુતમ અને સૌથી મોટી સંખ્યા ના સરવાળામાંથી 28,576 બાદ કરો.

✓ (1) 67,092 (2) 84,653 (3) 68,932 (4) 73,695

સૌથી મોટી સંખ્યા = 85310
સૌથી નાની સંખ્યા = + 10358

સરવાળો = 95668

  95668
− 28576
  67092

(47) સરલ કોણના ચતુર્થાંશનો કોટિપૂરક કોણ શું હશે ?

(A) લઘુકોણ (B) કાટકોણ (C) ગુરુકોણ (D) અર્ધ કાટકોણ

(1) ફક્ત (B) (2) ફક્ત (C) (3) (A) અને (B) બંને ✓ (4) (A) અને (D) બંને

સરળકોણ $\times \frac{1}{4}$

$= 180^\circ \times \frac{1}{4}$

$= 45^\circ$

∴ 45° નો કોટિપૂરક

$= 90^\circ - 45^\circ$

$= 45^\circ$

(48) એક ખૂણો અર્ધ કાટખૂણાના ત્રણગણા જેટલો છે. તેનો પૂરક કોણ શોધો.

(1) 90° (2) 135° (3) 145° (4) 45° ✓

∴ $45° \times 3 = 135°$

∴ 135° નો પૂરકકોણ = 180° − 135°

= 45°

(49) આપેલ અપૂર્ણાંકોને ન્યુનતમથી મહત્તમ સુધી ગોઠવીએ તો, કયો અપૂર્ણાંક છેલ્લેથી બીજા ક્રમે હશે ?

$\frac{3}{5}, \frac{1}{3}, \frac{5}{6}, \frac{7}{15}$

(1) $\frac{1}{3}$ (2) $\frac{5}{6}$ (3) $\frac{7}{15}$ (4) $\frac{3}{5}$ ✓

$\frac{3}{5} = 0.60$	$\frac{1}{3} = 0.33$
$\frac{5}{6} = 0.83$	$\frac{7}{15} = 0.46$

ચડતો ક્રમ

$\frac{1}{3}, \frac{7}{15}, \frac{3}{5}, \frac{5}{6}$

∴

(50) નીચેના અપૂર્ણાંકોને ચઢતા ક્રમમાં ગોઠવો.

$\frac{2}{3}, \frac{5}{6}, \frac{7}{8}, \frac{9}{14}$

(1) $\frac{7}{8}, \frac{5}{6}, \frac{2}{3}, \frac{9}{14}$ (2) $\frac{7}{8}, \frac{2}{3}, \frac{5}{6}, \frac{9}{14}$ (3) $\frac{9}{14}, \frac{2}{3}, \frac{5}{6}, \frac{7}{8}$ ✓ (4) $\frac{9}{14}, \frac{7}{8}, \frac{2}{3}, \frac{5}{6}$

$\frac{2}{3} = 0.66$	$\frac{5}{6} = 0.83$
$\frac{7}{8} = 0.87$	$\frac{9}{14} = 0.64$

ચડતો ક્રમ

$\frac{9}{14}, \frac{2}{3}, \frac{5}{6}, \frac{7}{8}$

(51) બાજુનું કોષ્ટક દુકાનમાં રહેલી કેટલીક વસ્તુઓની કિંમત બતાવે છે : ખાંડ અને ચોખાની સંયુકત કિંમતનો કોફી અને ઘઉંની સંયુકત કિંમત સાથેનો ગુણોત્તર કટેલો છે ?

વસ્તુ	કિંમત પ્રતિ કિ.ગ્રા
ખાંડ	₹ 72
ચોખા	₹ 108
કોફી	₹ 237
ઘઉં	₹ 63

(1) 9 : 14 (2) 2 : 3

(3) 4 : 5 (4) 3 : 5

ગુણોત્તર = $\frac{72 + 108}{237 + 63} = \frac{180}{300} = \frac{3}{5}$

= 3 : 5

(52) 2 : 3 નો ગુણોત્તર મેળવવા 7 : 13 ના ગુણોત્તરના દરેક પદમાં નાનામાં નાનો કયો અંક ઉમેરવો જોઇએ ?

(1) 1 NO (2) 3 NO (3) 5 (4) 7 NO

(3) $\frac{7+5}{13+5}$

$= \frac{12}{18} = 2 : 3$

(53) એક ઘડિયાળ ₹ 1,275 માં વેંચવાથી જાવેદને 15 % ખોટ થઇ. તેણે ઘડિયાળને કઇ કિંમતે વેચવી જોઇએ કે જેથી 10 % નફો મળે ?

(1) ₹ 1,500 (2) ₹ 1,600 (3) ₹ 1,650 (4) ₹ 1,700

મુ઼ક = $\frac{\text{વેક}}{100 - \text{ખોટ}} \times 100$

$= \frac{1275}{100 - 15} \times 100$

$= \frac{1275}{85} \times 100$

= 1500 રૂ.

∴ નફો = 1500 રૂ. ના 10%

$= 1500 \text{ રૂ.} \times \frac{10}{100}$

= 150 રૂ.

∴ વેક = મુ઼ક + નફો

= 1500 રૂ. + 150 રૂ.

= 1650 રૂ.

(54) સીમા અને રવિએ એક ધંધામાં 2 : 3 ના ગુણોત્તરમાં ₹ 1,50,000 રોકયા હતા. વર્ષના અંતે તેમણે રોકેલી રકમ પર 150 % નફો કર્યો. જો તેમણે નફાના નાણાં એ જ ગુણોત્તરમાં વહેંચ્યા હોય, તો સીમાનો હિસ્સો કેટલો હશે ?

(1) ₹ 1,50,000 (2) ₹ 20,000 (3) ₹ 1,35,000 (4) ₹ 90,000

નફો રૂ. માં = 150000 રૂ. ના 150%

$= 150000 \text{ રૂ.} \times \frac{150}{100}$

= 225000 રૂ.

સીમાનો હિસ્સો

$= \frac{2}{5} \times 225000 \text{ રૂ.}$ (45000)

= 90000 રૂ.

(55) નીચેનામાંથી કયું વિધાન સાચું છે.

(1) (21–15) – 6 = 21 – (15–6) NO (2) 14 × 36 ÷ 6 – 10 = 84 No

(3) 93 × 63 - 93 × 37 = 9300 No (4) 25 + 49 ÷ 7 × 5 - 6 = 54

(4) 25 + 7 × 5 – 6

= 25 + 35 – 6

= 60 – 6

= 54

(56) 9 + [6 + 7 of 3 – (9 + 2 – 6 ÷ 2)]

(1) 25 (2) 26 (3) 27 (4) 28

= 9 + [6 + 7 of 3 – (9 + 2 – 3)]

= 9 + [6 + 21 – 8]

= 9 + [27 – 8]

= 9 + 19

= 28

(57) 13 , 14 , 19 , a , 17 ની સરેરાશ 22 છે a નું મૂલ્ય શોધો.

(1) 37 (2) 47 (3) 57 (4) 67

સરવાળો = સરાસરી × કુલ સંખ્યા

$\therefore 13 + 14 + 19 + a + 17 = 22 \times 5$

$\therefore a + 63 = 110$

$\therefore a = 110 - 63$

$\therefore a = 47$

(58) બાજુના કોષ્ટકોમાં એક બેટ્સમેને 4 મેચમાં કરેલા રનમાં આંકડા છે. બેટ્સમેન દ્વારા કરવામાં આવેલા રનની સરેરાશ શોધો.

મેચ :-	I	II	III	IV
બનાવેલા રન :-	35	0	6	98

(1) 139 (2) 140 (3) 46.66 (4) 34.75

$$\text{સરાસરી} = \frac{\text{રનનો સરવાળો}}{\text{મેચની સંખ્યા}}$$

$$= \frac{35 + 0 + 6 + 98}{4}$$

$$= \frac{139}{4} = 34.75$$

(59) 4 દિવસના કેટલા ટકા 6 કલાક થાય ?

(1) $5\frac{1}{4}\%$ (2) $3\frac{1}{4}\%$ (3) $6\frac{1}{4}\%$ (4) $4\frac{1}{4}\%$

4 દિવસ = 24 કલાક × 4

= 96 કલાક

96 h ના x % = 6 h

$\therefore 96h \times \frac{x}{100} = 6h$

$\therefore x = \frac{6h \times 100}{96h} = \frac{25}{4}$

$\therefore x = 6\frac{1}{4}\%$

(60) એક બેટ્સમેને 10 બાઉન્ડ્રી અને 6 સિક્સ ફટકારીને 190 રન બનાવ્યા. વિકેટ્સની વચ્ચે દોડીને તેણે જેટલા રન બનાવ્યા તે કુલ સ્કોરના કેટલા ટકા છે ?

(1) 50 % (2) 60 % (3) 70 % (4) 75 %

$(10 \times 4) + (6 \times 6)$
$= 40 + 36$
$= 76$

દોડીને બનાવેલ રન $= 190 - 76 = 114$

190 રન = 114
∴ 100 રન = ?

$= \frac{100 \times 114}{190}$

$= 60\%$

(61) રિયા એક કાગળને કાપવાની પ્રવૃતિ કરે છે. આ આકૃતિમાં બતાવ્યા મુજબ તેણે એક લંબચોરસ કાગળના ખૂણાઓને એકસરખા ચોરસ આકારમાં કાપ્યાં. બાકી રહેલા કાગળનું ક્ષેત્રફળ અને પરિમિતિ શોધો.



(1) 416 sq. cm 88 cm (2) 316 sq. m 80 cm
(3) 480 sq. m 88 cm (4) 480 sq. m 80 cm

ક્ષે. $= (l \times b) - [4 \times l^2]$
$= (24\,cm \times 20\,cm) - [4 \times (4\,cm)^2]$
$= 480\,cm^2 - [4 \times 16\,cm^2]$
$= 480$ sq cm $- 64$ sq cm
$= 416$ sq cm

પરિમિતિ $= 2(l + b)$
$= 2(24\,cm + 20\,cm)$
$= 2 \times 44\,cm$
$= 88\,cm$

(62) આપેલ આકૃતિમાં ઘેરો કરેલો નથી એવા બાકીના ભાગનું ક્ષેત્રફળ શોધો.



(1) 6.75 cm^2 (2) 28.8 cm^2 (3) 24.55 cm^2 (4) 22.05 cm^2

ઘેરા કરેલ ભાગનું ક્ષે.

$= (2 \times 1) + (0.5 \times 0.5) + (2 \times 1)$

$= 2 + 0.25 + 2$

$= 4.25 \ cm^2$

આખા લં.ચો.નું ક્ષે $= L \times B$

$= 7.2 \ cm \times 4 \ cm$

$= 28.8 \ cm^2$

∴ બાકીના ભાગનું ક્ષે.

$= 28.8 \ cm^2 - 4.25 \ cm^2$

$= 24.55 \ cm^2$

(63) એક ખેડૂતે એક બેન્કમાંથી વાર્ષિક 5 % ના વ્યાજ દરે ₹ 10,000 ની રકમ ઉછીની લીધી હતી. તે 3 વર્ષમાં કેટલું વ્યાજ બેન્કને ચુકવશે ?

(1) ₹ 30,000 (2) ₹ 1,500 (3) ₹ 500 (4) ₹ 11,500

$I = \frac{PRN}{100}$

$= \frac{10000}{100} \times \frac{5}{1} \times \frac{3}{1}$

∴ I = 1500₹.

(64) રિજુલે એક વ્યક્તિ પાસેથી વાર્ષિક 8 % ના દરે 3 વર્ષ માટે ₹ 50,000 લીધા હતા. રિજુલે 3 વર્ષ પછી તે વ્યક્તિને કેટલી રકમ ચૂકવી તે શોધો.

(1) ₹ 52,000 (2) ₹ 62,000 (3) ₹ 51,200 (4) ₹ 48,000

$I = \frac{PRN}{100}$

$= \frac{50000}{100} \times \frac{8}{1} \times \frac{3}{1}$

$= 12000$ રૂ.

$A = P + I$

$= 50000$ રૂ. $+ 12000$ રૂ.

$\therefore A = 62000$ રૂ.

(65) એક કાટખૂણાના બે તૃતિયાંશના કોટિપૂરક કોણનો પૂરક કોણ શોધો.

(1) 120° (2) 150° (3) 30° (4) 60°

$90° \times \frac{2}{3} = 60°$

$\therefore 60°$ નો કોટિપૂરકકોણ $= 90° - 60° = 30°$

$\therefore 30°$ નો પૂરકકોણ $= 180° - 30° = 150°$

(66) આપેલ આકૃતિમાં x નું માપ ________ છે.

(1) 124° (2) 43° (3) 77° (4) 56°



$47° + x + 56° = 180°$

$\therefore x + 103° = 180°$

$\therefore x = 180° - 103°$

$\therefore x = 77°$

(67) એક માણસના શરીરનું સામાન્ય તાપમાન 37 ˚C છે. તેને ડિગ્રી ફેરનહીટમાં ફેરવો.

(1) 98˚ F (2) 97˚ F (3) 95˚ F ✓(4) 98.5 ˚ F

$$F = \frac{9C}{5} + 32^\circ$$

$$= \frac{9 \times 37^\circ}{5} + 32^\circ$$

$$= \frac{333^\circ}{5} + 32^\circ$$

$$= 66.6^\circ + 32^\circ = 98.6^\circ \approx 98.5^\circ F$$

(68) - 50˚ C અને 72 ˚ C વચ્ચેનો તફાવત ...... છે.

✓(1) 122˚ C (2) 42˚ C (3) + 32˚ C (4) + 102˚ C

$$72^\circ C - (-50^\circ C)$$

$$= 72^\circ C + 50^\circ C$$

$$= 122^\circ C$$

(69) 18 kg 5g ને kg માં દર્શાવો.

(1) 18.5 kg (2) 18.500 kg (3) 18.05 kg ✓(4) 18.005 kg

$$18 \text{ kg } 5 \text{ g}$$

$$= 18 \frac{5}{1000} \text{ kg}$$

$$= 18.005 \text{ kg}$$

(70) તમે જ્યારે કિલોમીટરને મિલિમીટરમાં ફેરવો છો ત્યારે 1 km માં કેટલા શૂન્ય આવે તે શોધો.

(1) 5 (2) 6 (3) 7 (4) 8

6 શૂન્ય

કિલો હેક્ટો ડેકા મી. ડેસી સેન્ટિ મિલિ

(71) સંખ્યા 99 માટે નીચેનામાંથી સાચી રજૂઆત કઈ છે ?

(1) IC (2) XCVIIII (3) XCIX (4) L + XXXXIX

99 = 90 + 9

= XCIX

(72) મૂલ્ય શોધો : MXLII + CXCIV - LXIII

(1) MCLXXIII (2) MCCCCXXIX (3) MCCLXXIII (4) MCXLIIV

MXLII = 1000 + 40 + 2

= 1042

CXCIV = 100 + 90 + 4

= 194

LXIII = 50 + 10 + 3

= 63

= 1042 + 194 - 63

= 1173

= 1000 + 100 + 70 + 3

= MCLXXIII

(73) એ ખૂણાનો પ્રકાર જણાવો કે જેનું માપ 136° અને 77° ના તફાવત કરતાં 29° વધુ છે.

~~(1) લઘુકોણ~~ ✓ (2) ગુરૂકોણ (3) કાટકોણ (4) વિપરીત કોણ

$(136^\circ - 77^\circ) + 29^\circ$

$= 59^\circ + 29^\circ$

$= 88^\circ$

લઘુકોણ

(74) આપેલી આકૃતિમાં કયો ખૂણો બે (2) કાટખૂણાઓ કરતાં મોટો છે ?



(1) ફક્ત ∠ a (2) ∠ a અને ∠ d બંને

~~(3) ફક્ત~~ ∠ c ✓ (4) ફક્ત ∠ a, ∠ b અને ∠ d

∠c એ બે કાટખૂણા (180°) કરતા મોટો છે.

(75) આપેલ વિધાનો વાંચો અને યોગ્ય વિકલ્પ પસંદ કરો.

વિધાન A : વર્તુળની બધી જીવાઓ વ્યાસ છે. ✗

વિધાન B : વ્યાસ એ વર્તુળથી સૌથી લાંબી જીવા છે. ✓

(1) ફક્ત વિધાન A સાચું છે. ✓ ~~(2)~~ ફક્ત વિધાન B સાચું છે.

(3) બંને વિધાનો સાચા છે. (4) બંને વિધાનો ખોટાં છે.

ફક્ત વિધાન B સાચુ છે.

Balachadi 2023 વિભાગ–'D' : બૌદ્ધિક સમજ

(101) ખાલી જગ્યામાં ખૂટતું પદ મૂકો. 400 , 388 , 376 , 364 , ____?____

(1) 352 (2) 350 (3) 354 (4) 372



(102) ખાલી જગ્યામાં ખૂટતું પદ મૂકો. 3 , 7 , 16 , 35 , 74 , ____?____

(1) 153 (2) 160 (3) 173 (4) 151



(103) ખાલી જગ્યા પૂરો. ADDG , EHHK , ILLO , MPPS , ________

(1) PRRT (2) QUUX (3) QTTW (4) PSSV



(104) આપેલ જાળી (ગ્રિડ) ને પૂર્ણ કરે એવી સાચી આકૃતિ પસંદ કરો -



(1) (2)

(3) (4)

C

(105) ખાલી જગ્યામાં અનુરૂપ શબ્દ આપો : પુસ્તક : લેખક :: વાનગી : ....

(1) સંગીતકાર (2) રસોઈયો (3) ચિત્રકાર (4) કલાકાર

જેમ પુસ્તક લેખક લખે છે.
તેમ વાનગી રસોઈયા બનાવે છે.

[B]

(106) ખાલી જગ્યામાં અનુરૂપ શબ્દ આપો :- પૂર : દુષ્કાળ :: પ્રતિભાશાળીઃ............

(1) વિચાર (2) બુદ્ધિ (3) મગજ (4) મૂર્ખ

જેમ પૂરનો વિરોધી અર્થ દુષ્કાળ થાય છે.
તેમ પ્રતિભાશાળીનો વિરોધી અર્થ મૂર્ખ થાય છે.

[D]

(107) પ્રથમ જોડીમાં રહેલા સંબંધને ઓળખો અને તે અનુસાર બીજી જોડીમાં ખૂટતું પદ શોધો.

ADE : FGJ :: KNO : ....

(1) PQR (2) PQT (3) RQP (4) TPR

A → (+5) → F, D → (+3) → G, E → (+5) → J

K → (+5) → P, N → (+3) → Q, O → (+5) → T

[B]

(108) ખાલી જગ્યામાં અનુરૂપ શબ્દ આપો : કફ : ગળું :: દમ : ....

(1) મૂત્રપિંડ (2) ફેફસાં (3) મસ્તક (4) યકૃત

જેમ કફનો સંબંધ ગળા સાથે છે.
તેમ દમનો સંબંધ ફેફસાં સાથે છે.

[B]

(109) આકૃતિઓ A અને B ચોકકસ રીતે સંબંધિત છે. વિકલ્પોમાંથી એવી આકૃતિ પસંદ કરો જે પ્રશ્ન ચિહ્નના સ્થાને આવે અને તેના પરથી આકૃતિઓ C અને D વચ્ચેનો એવો સંબંધ સ્થાપતિ કરો.



(1) (2) (3) (4)

D

(110) ભાત (પેટર્ન) ને પૂરી કરો : : ::  : ___?___

(1) (2) (3) (4)

D

(111) નીચેનામાંથી કયો આકાર આપેલ આકૃતિનો એક ભાગ બને છે ?

(1) (2)  (3)  (4)

A

(112) પ્રશ્નાર્થ ચિહ્નના સ્થાને કયો અંક આવશે ?



(1) 8 (2) 3

(3) 4 (4) 6

5 + 2 = 7
4 + 3 = 7
1 + 6 = 7

D

(113) નીચેનાને નીચેથી ઉપર તરફ તાર્કિક રીતે ગોઠવો.

(A) ઘૂંટણ (ગોઠણ) (B) અંગૂઠો (C) પગની પિંડીઓ (D) એડી (E) ઘૂંટી

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) (D),(E),(C),(B),(A) (2) (B),(D),(E),(C),(A)

(3) (D),(A),(B),(C),(E) (4) (B),(C),(E),(D),(A)

(B) અંગૂઠો (D) એડી (E) ઘૂંટી (C) પગની પિંડીઓ (A) ઘૂંટણ (ગોઠણ)

(B), (D), (E), (C), (A)

B

(114) શબ્દકોશ (ડિક્ષનરી) માં આવે તે રીતે આપેલા શબ્દોને ગોઠવો.

(A) PRISTINE (B) PRINTER (C) PREVIOUS (D) PREVENT (E) PRIORITY

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) (B),(A),(C),(D),(E) (2) (C),(D),(A),(E),(B)

(3) (D),(C),(B),(E),(A) (4) (A),(E),(B),(C),(D)

(A) PRISTINE - 5
(B) PRINTER - 3
(C) PREVIOUS - 2
(D) PREVENT - 1
(E) PRIORITY - 4

(D), (C), (B), (E), (A)

C

(115) નીચેનાને તાર્કિક ક્રમમાં ગોઠવો.

(A) વરસાદ (B) શીતન (કૂલિંગ) (C) ઘનીકરણ (ઠારણ) (D) તાપન (E) બાષ્પીભવન

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) (B),(A),(C),(D),(E) (2)(E),(D),(A),(B),(C)
(3) (B),(C),(A),(D),(E) (4)(D),(E),(B),(C),(A)

(D) તાપન (E) બાષ્પીભવન (B) શીતન (કૂલિંગ) (C) ઘનીકરણ (ઠારણ) (A) વરસાદ

(D), (E), (B), (C), (A) [D]

(116) નીચેનામાંથી કયું 5374 નું જળ પ્રતિબિંબ છે ?

(1) ƸƐ74 (2) ⅄7Ɛ5 (3) 53⅂⅄ (4) 47ƐƸ

5374
////////////
23⅂⅄ [C]

(117) ખાલી જગ્યામાં અનુરૂપ પદ મૂકો : B : 4 :: G : _____

(1) 36 (2) 17 (3) 18 (4) 49

$B = 2^2 = 4$

$G = 7^2 = 49$ [D]

(118) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે શોધો.

(1) નારંગી (2) પૃથ્વી (3) ઈંડુ (4) બાસ્કેટબૉલ

બાસ્કેટબૉલ સિવાય બાકી બધા પૂર્ણ ગોળ નથી.

[D]

(119) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતી સંખ્યા શોધો.   ?

(1) 97   **(2)** 47   **(3)** 81   **(4)** 19

81 સિવાય બાકી બધી સંખ્યા અવિભાજ્ય છે.

C

(120) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે પસંદ કરો.

(1) પુસ્તક   **(2)** પેન્સિલ   **(3)** ઈરેઝર   **(4)** કમ્પ્યુટર

કમ્પ્યુટર સિવાય બાકી બધા લેખન સામગ્રીમાં આવે છે.

D

(121) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે શોધો. -

(1) **(2)** **(3)**    **(4)**

C

(122) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે શોધો. -

(1) કાનપુર   **(2)** વિજયવાડા   **(3)** ગંગા   **(4)** ગુવાહાટી

ગંગા સિવાય બાકી બધા શહેર છે.

C

(123) નીચેના વિકલ્પોમાંથી અલગ પડતું હોય તે પસંદ કરો.?

(1) ગિટાર (2) વાયોલિન (3) સિતાર (4) વાંસળી

વાંસળી સિવાય બાકી બધામાં તાર હોય છે.

D

(124) ખાલી જગ્યામાં અનુરૂપ પદ મૂકો.

DGA : 12 :: AMQ : ___?___

(1) 19 (2) 31 (3) 28 (4) 17

DGA = 4 + 7 + 1 = 12

AMQ = 1 + 13 + 17 = 31

B

(125) ખૂટતી સંખ્યા શોધો.

5 : 22 :: 8 : ___?___

(1) 61 (2) 37 (3) 80 (4) 50

$5^2 = 25 - 3 = 22$

$8^2 = 64 - 3 = 61$

A